# <u>વિજાપુરના એડી.ચીફ જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં વિજાપુર</u>

**ક્રિ.કે.નં.:– ૧૬૩૮/૨૦૨૩**

**ફરીયાદી:–** **શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપી–** (૨) **પ્રવિણભાઈ ઈશ્વરભાઈ દેવીપુજક**
**રહે–પિલવાઈ, તા.વિજાપુર, જી.મહેસાણા**
(૩) **રાહુલભાઈ રમેશભાઈ દેવીપુજક**
**રહે–પિલવાઈ, તા.વિજાપુર, જી.મહેસાણા**
(૫) **અનીશભાઈ રાકેશભાઈ ગોપાલભાઈ**
**રહે–પિલવાઈ, તા.વિજાપુર, જી.મહેસાણા**

**<u>ગુનો – જુગાર ધારા ની કલમ–૧૨ મુજબ.</u>**

## // આંક ૧ લગત હુકમ //

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામ નાઆરોપી જાહેર માં પાના પતી નો હાર જીત નો જુગાર રમતા પકડાઈ જતા, તેઓ વિરુધ્ધ ફરીયાદી ના ઓ એ ફરીયાદ આપતા , આંક – ૧ વાળુચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.
(૨) આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, આરોપી ઓ નુનિવેદન નોધવા માં આવતા આરોપીઓ એ પોતાની સામે ના આક્ષેપિત ગુન નો સ્વેચ્છીક એકરાર કરેલ છે અને કબૂલાત પુરસીસ અલગથી આપેલ છે.
આરોપીએ ગુના કબુલાત પુરશીશ રજુ રાખી જણાવેલ છે કે, તેઓને ગુનો કબુલ મંજુર છે અને મૌખિક રજુઆત કરેલ છે કે, તેઓ વિરૂધ્ધ ના આ ગુના અંગેના આક્ષેપો સંપુર્ણ ખરા નથી. તે ગરીબ વર્ગનાં, કુટુંબ કબીલાવાળા માણસ હોઈ, મજુરી કામ કરી માંડ–માંડ તેઓનાં કુટુંબનું ભરણપોષણ કરે છે. જેથી દયા રાખી યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે.
(૩) આરોપીને ગુનાની શિક્ષાની સમજ આપવામાં આવેલ તેમ છતાં ગુનો સ્વેચ્છાપૂર્વક કબુલ મંજુર હોય, જે કબુલાત ન માનવાને કારણ નથી. આરોપીની કબુલાત પુરશીશ ની હકિકતો તથા આરોપીની અન્ય મૌખિક રજુઆતો ધ્યાને લેતા, આરોપીઓ ને સદર ગુના બદલ તકસીરવાન ઠરાવવામાં આવે છે. સજા સંદર્ભે આરોપીઓ ની કોર્ટ સમક્ષની રજૂઆતને લક્ષમાં લેતા, આરોપી ઓ તેઓનો પ્રથમ

ગુનો હોવાનુ જણાવતા હોય, આરોપીઓ કુટુંબનો આધાર સ્તંભ હોય, જો લાંબા સમય સુધીની કેદની સજા કરવામાં આવે તો કુટુંબના ભરણપોષણનો પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ છે , આરોપીઓ ના કથીત કૃત્યની સજા આડકતરી રીતે તેના કુટુંબીજનો ને થનાર હોય, આરોપીઓ એ ગુના સબબ પારાવાર પસ્તાવો પણ વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહીં બને તેમ જણાવતા હોય, કેસના સંજોગો, ગુનાનો પ્રકાર અને કરવામાં આવેલી રજૂઆતોને લક્ષમાં લેતા, તેમજ નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫ (૧)જી.એલ.આર.પાના નં.૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરીચન્દ્રિ ઠાકોર ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા , જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈનીચેનીઅદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછી સજા અને દં ડ કરવાની સત્તા છે. સદરહુ ચુકાદા થી પ્રસ્થાપિત સિધ્ધાંત આરોપીઓ ના કેસની હકીકતો ને લાગુ પડે છે. જેથી ,આરોપીઓ ની સ્થિતી અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતાં ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. તેથી ઓછી સજા કરવી જોઈએ તેમ અત્રે ની અદાલત નમ્રપણે માને છે.ઉપરોકત ચર્ચા કર્યા મુજબનાકારણોસર આરોપીઓ ને કાયદામાં ઠરાવેલ શિક્ષા નહીં કરતા હળવી શિક્ષા કરવાથીન્યાયનોહેતુજળવાશે તેમ ફલીત થતુ હોય, જેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

આ કામના આરોપીઓને બી.એન.એસ.એસ.ની કલમ– ૨૭૫ મુજબ જુગાર ધારા ની કલમ–૧૨–એ મુજબ ના ગુના સબબ તકસીરવાન ઠરાવી પ્રત્યેક આરોપીએ રૂા.૨૦૦/– લેખ **કુલ દંડ રૂપિયા ૬૦૦/–(અંકે રૂપિયા છસો પુરા)** નો દંડ કરવામાં આવે છે. જો આરોપીઓ દંડ ન ભરે તો દિન–૧૫ ની સાદી કેદની શિક્ષા ભોગવવી.

**આરોપી નં.૪ દિલીપભાઈ રમેશભાઈ ગાંડાભાઈ દેવીપુજક રહે–પિલવાઈ, તા.વિજાપુર, જી.મહેસાણા વાળા સામેનો હાલનો કેસ ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.**

મુદ્દામાલ નાણાંનો અપીલ સમય બાદ શ્રી સરકાર ખાતે જમા કરાવવા તથા બાકીનો મુદ્દામાલ નો અપીલ સમય બાદ નાશ કરવો.

હુકમ આજરોજ તા. ૧૨મી માહે જુલાઈ સને–૨૦૨૫ ના રોજ લોક અદાલતની સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૧૨/૦૭/૨૦૨૫
સ્થળ–વિજાપુર

**( ધર્મેન્દ્રકુમાર અશોકભાઈ પટેલ )**
**એડીશનલ ચીફ જ્યુડીશયલ મેજીસ્ટ્રેટ,**
**વિજાપુર કોડ જી જે ૦૧૨૨૮**